
## આવતીકાલનો ઉજાસ



**પ્રતિભા એસ સંગાડા**
**ધોરણ-૯, આર જી પટેલ કન્યા વિદ્યાલય**

એનસીસી બેસ્ટ કેડેટ એવી પ્રતિભા અભ્યાસમાં પણ બેસ્ટ સ્થાન ધરાવે છે. અભ્યાસમાં હંમેશા ૮૦ ટકાથી વધારે પરિણામ મેળવતી પ્રતિભા ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને શાળા કક્ષાના કાર્યક્રમોનું સંચાલન જેવી વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં સફળતાપૂર્વક ભાગ લઈ પુરસ્કારથી સન્માનિત થાય છે. એનસીસીમાં પ્રતિભાએ સીપીએલ (કોર્પોરલ)ની રેન્ક પ્રાપ્ત કરી સિનીયર તરીકે નેતૃત્વના ઉમદા ગુણો કેળવ્યા છે. આ ઉપરાંત ઑલ ઈન્ડિયા ગર્લ્સ પંજાબ ટ્રેકીંગ કેમ્પમાં ઉજળો દેખાવ કરી મેડલ અને સર્ટીફિકેટ પ્રાપ્ત કરેલ છે. ૧૫મી ઑગષ્ટે રાજભવન ખાતે પરેડ કાર્યક્રમમાં સિલેક્ટ થઈ શાળા અને પરિવારને ગૌરવ અપાવ્યું છે.



ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ એ ગૃપ (એન્જિનીયરીંગ)માં પ્રવેશ મેળવી કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા એઆઈઈઈએની એન્ટ્રન્સ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. અમદાવાદના બોથરા ક્લાસીસના નિષ્ણાત ટ્રેનર ૬૦ વિદ્યાર્થીઓને આ તાલીમ આપી રહ્યા છે. તાલીમ માટે સંસ્થાએ આધુનિક સગવડવાળા એસી ક્લાસરૂમની વ્યવસ્થા કરી છે.

# બાળકોને અંગૂઠા પકડાવા જેવી સજા અપરાધ ગણાશે : ૭ વર્ષ સુધીની કેદની જોગવાઈ

ગાંધીનગર, તા. ૫

શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકો-વિદ્યાર્થીઓને સજા કરવા સામે હવે કેન્દ્ર સરકારે કાયદો વધુ આકરો બનાવ્યો છે અને કાયદાભંગ સબબ સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓ-બાળકોને સજામાંથી બચાવવા માટે સરકારે પ્રથમ વખત અંગૂઠા પકડાવવા જેવી સજાને પણ સૂચિત કાયદામાં સામેલ કર્યો છે. બાળ કાયદા હેઠળ શાળાઓમાં શિક્ષકો દ્વારા કરાતી શારીરિક સજાને પણ અપરાધ ગણવામાં આવશે. બાળ માનસ માટે આઘાતજનક કે ઘાતક પુરવાર થાય તેવી અથવા સામાન્ય ઈજાના સંજોગોમાં એક વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ રાખવામાં આવી છે. શિક્ષકો દ્વારા સજાનું પુનરાવર્તન કરવામાં આવે અને બાળકને ફરી વખત ઈજા થાય તો ત્રણ વર્ષની કેદની જોગવાઈ રાખવામાં આવી છે. ઉપરાંત શિક્ષકની હકાલપટ્ટી કરવામાં આવશે.

શિક્ષકની સજાથી બાળક-વિદ્યાર્થીને ગંભીર માનસિક તણાવ સર્જાય કે ગંભીર ઈજા પહોંચે તો પાંચ વર્ષની કેદની જોગવાઈ રાખવામાં આવી છે અને તેનું પુનરાવર્તન થવાના સંજોગોમાં સાત વર્ષની કેદની સજા થશે. ભારતે લાગેવળગે છે ત્યાં સુધી શિક્ષણ સંસ્થાઓમાં દર બીજા બાળકને અંગૂઠા પકડાવવા જેવી સજાનો શિકરા બનવું પડે છે. બાળ અધિકાર સુરક્ષાના રાષ્ટ્રીય પંચનાં સર્વેમાં એવું માલૂમ પડ્યું હતું કે સાત રાજયોના ૬૭૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૯૯ ટકાને સજા વેઠવી પડી હતી.

બાળકોને સજા કરવા ઉપરાંત રેગીંગ કાયદા પણ આકરા બનાવવામાં આવ્યા છે. રેગીંગ માટે બે વર્ષની કેદ અને ૧૦,૦૦૦ ના દંડની જોગવાઈ રાખવામાં આવી છે. શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફ મારફત જ રેગીંગ થવાના સંજોગોમાં તેની બરતરફી પણ કરી શકાશે. ઉપરાંત તે ભવિષ્યમાં પણ બાળકોને સંલગ્ન સંસ્થામાં નોકરી ન કરી શકે તેવી જોગવાઈ છે. શિક્ષણ સંસ્થાની અંદર તથા બહાર એમ કયાંક પણ વિદ્યાર્થી રેગીંગનો શિકાર ન બને તે માટે કેન્દ્રના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે.

# ગુજરાત સુથાર સમાજનું રાજ્યકક્ષાનું વાર્ષિક સંમેલન વડોદરામાં ૧૩ મે ના રોજ યોજાશે

## તેજસ્વી બાળકોને પ્રોત્સાહક ઈનામો અપાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સુથાર સમાજના રાજ્ય એકમના મંત્રીશ્રી ચંદ્રકાન્ત મિસ્ત્રી 'મેવાડો', ગજ્જર, વૈસ્ય અને પંચોળી જ્ઞાતિના સભાસદોને જણાવે છે કે સમાજનું રાજ્યસ્તરીય ૧૮મું વાર્ષિક સંમેલન તા. ૧૩મે ના રોજ સવારે ૯.૦૦ કલાકે પ્રેમાનંદ સાહિત્ય સભા હોલ કોગ્રેંસ કાર્યાલયની સામે લકડીપુલ દાંડીયા બજાર વડોદરામાં યોજાશે.

નર્સરીથી ૧૨મા ધોરણ સુધી તેમજ સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાં ઉત્તીર્ણ થયા હોય તેવા વિદ્યાર્થીઓને સૌથી વધુ માર્કસ મેળવનાર ૧ થી ૩ ક્રમાંક તથા નર્સરીથી ધોરણ ૪ સુધીના બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.



શ્રી સત્ય સાંઈ બાલ વિકાસ મંડળ દ્વારા રવિવારે સાંજે ફાર્મસી કૉલેજ હૉલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ સુંદર કાર્યક્રમો રજૂ કરીને શ્રોતાઓને દંગ કરી દીધા હતા.

# મેન્ટલી ચેલેન્જ બાળકો માટે ૧૩મીથી સમર ફન વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૭

હેત ફાઉન્ડેશન શહેરની મેન્ટલી ચેલેન્જ બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા તા. ૧૩મી મે-૨૦૧૨ થી ૨૦મી મે-૨૦૧૨ દરમિયાન સમર ફન વર્કશોપ-૨૦૧૨ યોજાશે.

મેન્ટલી ચેલેન્જ બાળકો માટે યોજાનાર સમર ફન વર્કશોપમાં પ્રાર્થના, કુદરત સાથે જોડાણ, આર્ટ અને ક્રાફ્ટ, ડ્રોઈંગ, મ્યુઝિક, ડાન્સ, મુક્ત આનંદની પ્રવૃત્તિઓ, યોગ, હળવી કસરતો જેવી પ્રવૃત્તિઓ આવરી લેવાશે. વર્કશોપનો સમય સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ નો રાખવામાં આવ્યો છે. વર્કશોપ સોરઠ કારડિયા રાજપૂત સમાજ કેળવણી મંડળ સંચાલિત પ્રાથમિક શાળા, સેક્ટર-૫-ડી, પથિકાશ્રમ-વાવોલ રોડ, ગાંધીનગરના સ્થળે યોજાશે. વર્કશોપ દરમિયાન મેન્ટલી ચેલેન્જ બાળકોની મદદ દ્વારા તૈયાર કરેલી ચીજવસ્તુઓ જેવી કે, કીચેન, ટોડલા, માળા, બ્રેસટલેટ, માટીના ડેકોરેટીવ કૂંજા, વિવિધ પ્રકારના કાર્ડ, ટી-શર્ટ વગેરેનું પ્રદર્શન યોજવામાં આવશે. આ અંગેની વધુ વિગતો મીરા ગઢવી મો. નં. ૯૪૨૯૦૯૨૩૦૬ પર સંપર્ક કરવાથી મળી શકશે.

# અરિહંત આર્ટ કોમ્યુનિકેશને કૃષિ મહોત્સવ અંતર્ગત નાંદોલમાં નાટયકૃતિ રજૂ કરી

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજય જિલ્લા માહિતી કચેરી દ્વારા કૃષિ મહોત્સવ અંતર્ગત અરિહંત આર્ટ કોમ્યુનિકેશને નાંદોલ ગામે પ્રજાલક્ષી નાટયકૃતિ રજૂ કરી ખેડૂતોને જરૂરી માહિતી આપી હતી.

કૃષિ મહોત્સવ અંતર્ગત ગામ લોકોમાં ખેતી વિશેની વધુમાં વધુ માહિતી પહોંચે, ગામ લોકો ખેતી વિશે જાગ્રત બને અને ખેડૂતોને વધુમાં વધુ કીટસનો લાભ કૃષિ મહોત્સવની યોજના સંદર્ભે મળે તે હેતુથી અરિહંત આર્ટ કોમ્યુનિકેશન દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે એન.જે. પટેલ, નાંદોલ ગામના સરપંચ અને ગામના સભ્યો તથા પૂજાબેન જૈન, કલ્પેશ ભટ્ટ, જયેશભાઈ, ભરતભાઈ પટેલ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## માતંગી પ્રાથમિક શાળા

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | પટેલ અંશ હસમુખભાઈ | ૮૮.૬૬ |
| | ૨ | પટેલ ધાર્મિક દિપકભાઈ | ૮૩ |
| | ૩ | ચૌહાણ નીલ જયેશભાઈ | ૭૫ |
| સિકેજી | ૧ | પરમાર તન્વી હરેશભાઈ | ૯૭.૭૭ |
| | ૨ | રાઠોડ પ્રિન્સ પરેશભાઈ | ૯૭ |
| | ૩ | જોષી તીર્થ હિતેન્દ્રભાઈ | ૯૪.૮૮ |
| ૧ | ૧ | રૂપાલા હિરલ મુકેશભાઈ | ૯૭ |
| | ૨ | પ્રજાપતિ મયુરકુમાર ભુપેન્દ્રકુમાર | ૯૬ |
| | ૩ | કાપડિયા સ્નેહ રાકેશકુમાર | ૯૫ |
| ૨ | ૧ | વ્યાસ હર્ષ ભાવિનકુમાર | ૯૭.૫૭ |
| | ૨ | પરમાર દિવ્યા મનોજકુમાર | ૮૮.૮૫ |
| | ૨ | પ્રિયદર્શી હરસિધ્ધ સાગરકુમાર | ૮૮.૮૫ |
| ૩ | ૧ | આચાર્ય આયુષી ઘનશ્યામભાઈ | ૯૫ |
| | ૨ | ગુર્જર ઉમંગ અલ્કેશકુમાર | ૯૩ |
| | ૩ | કુરેશી મહંમદયાસર યાસીનભાઈ | ૮૩ |
| ૪ | ૧ | ચૌધરી કમલેશકુમાર મનાજી | ૯૫ |
| | ૨ | મોદી પાર્થ મુકેશકુમાર | ૯૦ |
| | ૩ | મકવાણા શિવાંશ દિનેશભાઈ | ૮૩.૮૮ |
| ૫ | ૧ | બારિયા પ્રદીપસિંહ મનહરસિંહ | ૭૪.૬ |
| | ૨ | મોદી પૂજા મુકેશભાઈ | ૭૨.૨૬ |
| | ૩ | કાસોડિયા ભુમિનકુમાર નરેશભાઈ | ૫૮.૬૬ |
| ૬ | ૧ | રાઠોડ કિંજલ ડાહ્યાલાલ | ૮૭.૮૬ |
| | ૨ | પ્રજાપતિ જીનલ શંકરભાઈ | ૮૭.૦૬ |
| | ૩ | પટેલ ફોરમ શૈલેષભાઈ | ૮૪.૫૬ |
| ૭ | ૧ | પ્રજાપતિ નિશા ઉનાજી | ૭૮.૬૯ |
| | ૨ | રાઠોડ નિશા મહેશભાઈ | ૭૪.૮૭ |
| | ૩ | પઠાણ આદિલ સફાતખાન | ૭૪.૧૮ |
| ૮ | ૧ | પીઠડિયા દર્શન જયંતિલાલ | ૯૧ |
| | ૨ | અંસારી ફરીદાબાનુ જલાલહુસેન | ૮૫.૯ |
| | ૩ | લેઉવા જયમીન રમેશભાઈ | ૮૧.૫ |
| ૯ | ૧ | પટેલ અર્પિતા હસમુખભાઈ | ૮૨.૨૮ |
| | ૨ | વાઘેલા ઉપેન્દ્ર જિતેન્દ્રસિંહ | ૮૧.૯૭ |
| | ૩ | પરમાર કુલદિપસિંહ ભારતસિંહ | ૭૨ |

## શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૫ એ | ૧ | પટેલ પૂજન જયેશકુમાર | ૯૮.૬૭ |
| | ૨ | ગાવીત મિલિત સીતારામભાઈ | ૯૮ |
| | ૨ | નાયકિયા રૂતુલ અશ્વિનભાઈ | ૯૮ |
| | ૩ | ચુડાસ્મા નિશિથ રાજેન્દ્રભાઈ | ૯૭.૮૩ |
| ૫ બી | ૧ | પ્રજાપતિ કુંજલ રશ્મિનકુમાર | ૯૯ |
| | ૨ | પટેલ યશ કમલેશભાઈ | ૯૮.૩૩ |
| | ૩ | પટેલ જીનલ ઘનશ્યામભાઈ | ૯૧.૧૭ |
| ૫ સી | ૧ | ચરપોટ ધ્રુવ લખજીભાઈ | ૯૭.૩૩ |
| | ૨ | પટેલ રીધમ મહેશભાઈ | ૯૭ |
| | ૩ | પટેલ પાર્થ પરેશભાઈ | ૯૬.૬૭ |
| | ૩ | વસાવા સાવન હાર્દિકભાઈ | ૯૬.૬૭ |
| ૫ ડી | ૧ | પટેલ હિત પરેશભાઈ | ૯૭ |
| | ૨ | પટેલ જય શરદકુમાર | ૯૬.૫૦ |
| | ૩ | ગ્રાઈન સાહિલ રામચંદ્રભાઈ | ૯૬.૩૩ |
| ૫ ઈ | ૧ | શાહ મીત શૈલેષભાઈ | ૯૮ |
| | ૨ | ચૌધરી હિરેન બાબુભાઈ | ૯૫.૬૭ |
| | ૩ | તાવિયાડ પ્રદીપ ચુનીલાલ | ૯૩.૬૬ |
| ૫ એફ | ૧ | પટેલ મીત મનીષકુમાર | ૯૭ |
| | ૨ | રાઠોડ પ્રતિપાલસિંહ અશોકસિંહ | ૯૬.૬૭ |
| | ૩ | પટેલ પૂજન પંકજભાઈ | ૯૫.૩૩ |
| ૫ જી | ૧ | પટેલ સ્મિત હસમુખભાઈ | ૯૫.૫૦ |
| | ૨ | પરમાર હર્ષિલ રમેશભાઈ | ૯૪.૧૭ |
| | ૩ | પટેલ ધૃમિલ બળદેવભાઈ | ૯૩.૬૭ |
| ૬ એ | ૧ | જોષી નિર્ભય પ્રકાશભાઈ | ૯૭.૬૭ |
| | ૨ | પ્રિયદર્શી યજૂર્વ શૈલેષકુમાર | ૯૭.૧૭ |
| | ૩ | પરીખ જ્વલ જિતેન્દ્રભાઈ | ૯૬.૮૩ |
| ૬ બી | ૧ | પટેલ કૃતાર્થ દિનેશભાઈ | ૯૮.૬૭ |
| | ૨ | જોષી મોનિલ ચેતનભાઈ | ૯૬.૮૩ |
| | ૩ | પરમાર મનદીપ અનોપસિંહ | ૯૬.૬૭ |
| ૬ સી | ૧ | ઠક્કર મિથિલેષ પાર્થકુમાર | ૯૮.૮૩ |
| | ૨ | પઢિયાર જયરાજ હિતેન્દ્રસિંહ | ૯૫.૬૭ |
| | ૩ | પટેલ રવિ નરેન્દ્રભાઈ | ૯૫.૧૭ |
| ૬ ડી | ૧ | ખિમસુરીયા અભિજીત મનસુખભાઈ | ૯૭.૮૩ |
| | ૨ | પટેલ પાર્થ મનિષકુમાર | ૯૭.૧૭ |
| | ૩ | પટેલ સ્કેન દિનેશકુમાર | ૯૫.૫૦ |
| ૬ ઈ | ૧ | વણઝારા પાર્થ ગણપતલાલ | ૯૫.૧૭ |
| | ૨ | પટેલ શુભમ્ ભરતભાઈ | ૯૩.૮૩ |
| | ૩ | વ્યાસ નિરલકુમાર નિલેશકુમાર | ૯૨.૮૩ |
| ૬ એફ | ૧ | મકવાણા રાહુલ ધર્મેન્દ્રભાઈ | ૯૫.૩૩ |
| | ૨ | બારોડિયા કર્તવ્ય દિનેશચંદ્ર | ૯૫.૧૭ |
| | ૩ | પંચાલ યશ સંજયભાઈ | ૯૪ |
| ૬ જી | ૧ | જોષી નિસર્ગ પંકજકુમાર | ૯૯ |
| | ૨ | પટેલ પાશ્વ દામોદરભાઈ | ૯૩.૧૭ |
| | ૨ | ઝાલા દિવ્યરાજ કિરીટસિંહ | ૯૩.૧૭ |
| | ૩ | ઠાકરો જતીન રામચંદ્રભાઈ | ૯૨.૧૭ |
| ૭ એ | ૧ | પટેલ લય ઈન્દ્રવદન | ૯૯ |
| | ૨ | પ્રજાપતિ ભાવિક ભરતભાઈ | ૯૮.૮૩ |
| | ૩ | શાહ નિકુંજ ચિરાગભાઈ | ૯૮.૫૦ |
| ૭ બી | ૧ | પ્રજાપતિ નિશાંત જયંતિભાઈ | ૯૭.૧૭ |
| | ૨ | પ્રજાપતિ જિનેશ સંજયભાઈ | ૯૫.૧૭ |
| | ૩ | ચૌધરી સાવન પ્રહલાદભાઈ | ૯૪ |
| | ૩ | પંડ્યા પલ રાજેન્દ્રકુમાર | ૯૪ |
| | ૩ | પટેલ હર્ષ દિનેશભાઈ | ૯૪ |
| ૭ સી | ૧ | પટેલ વિનય રાજેશભાઈ | ૯૮.૮૩ |
| | ૨ | રાવલ રોનક મુકેશભાઈ | ૯૮.૬૭ |
| | ૩ | પટેલ સ્મિત મુકેશભાઈ | ૯૮.૧૭ |
| ૭ ડી | ૧ | જોષી અભિજ્ઞ રાજેન્દ્રકુમાર | ૯૭ |
| | ૨ | શાહ હર્ષ મનિષભાઈ | ૯૨.૮૩ |
| | ૩ | પટેલ હર્ષિલ રણછોડભાઈ | ૯૦.૬૭ |
| ૭ ઈ | ૧ | ભાવસાર દીપ પરેશકુમાર | ૯૭.૫૦ |
| | ૨ | પ્રજાપતિ આશિષ જિતેન્દ્રભાઈ | ૯૭.૩૩ |
| | ૩ | ભાટી અજયસિંહ ભગવાનસિંહ | ૯૭ |
| | ૩ | ચૌધરી જૈનમ મહેશભાઈ | ૯૭ |
| ૭ એફ | ૧ | ઘેરવરા આકાશ અજીતકુમાર | ૯૬.૧૭ |
| | ૨ | ઝાલા યુવરાજસિંહ ભૂપતસિંહ | ૯૫.૩૩ |
| | ૩ | લુણાગરીયા દિશાંતત કિશોરભાઈ | ૯૫ |
| ૭ જી | ૧ | ઠક્કર લખણ હસમુખભાઈ | ૯૭.૬૭ |
| | ૨ | પટેલ જયેશ ગોવિંદભાઈ | ૯૫.૧૭ |
| | ૩ | પટેલ ધૃપલ હિતેશકુમાર | ૯૨.૧૭ |
| ૭ એચ | ૧ | પંડ્યા કથન નરેન્દ્રભાઈ | ૯૭ |
| | ૨ | દવે અભિષેકકુમાર સુનીલભાઈ | ૯૬.૧૭ |
| | ૩ | પટેલ નિલયકુમાર ગોરધનભાઈ | ૯૫.૬૭ |

## સ્કૂલ ફોર એક્સલન્સ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ | પટેલ આસ્થા કૌશિકભાઈ | ૯૩ |
| | ૧ | મકવાણા સુજલ સંજયભાઈ | ૯૩ |
| | ૨ | પંચાલ પ્રાચી મેહુલભાઈ | ૯૦ |
| | ૩ | ડાભી સુનૈના નરેન્દ્રસિંહ | ૮૮.૫૭ |
| ૨ | ૧ | પરમાર સાહિલ સુરેશભાઈ | ૯૬ |
| | ૨ | પટેલ હેત અલ્પેશભાઈ | ૯૫.૧૪ |
| | ૩ | શ્રીમાળી શુભમ મહેશભાઈ | ૯૩ |
| ૩ | ૧ | પટેલ મીત પંકજભાઈ | ૯૫ |
| | ૨ | પટેલ હીના મહેશભાઈ | ૯૪ |
| | ૩ | દેસાઈ માનસી કરમણભાઈ | ૯૩ |
| ૪ | ૧ | ઝાલા પરિમલ નારસિંહ | ૯૨ |
| | ૨ | પટેલ આસ્થા હરેશકુમાર | ૮૭.૫૦ |
| | ૩ | પ્રજાપતિ હાર્દિક જયેશભાઈ | ૮૧.૩૮ |
| ૫ | ૧ | પટેલ હર્ષ મહેશભાઈ | ૯૧.૫૭ |
| | ૨ | મોરી પુષ્પા બળદેવભાઈ | ૯૦.૪૨ |
| | ૩ | શુક્લા તપન સચિનભાઈ | ૮૭.૩૬ |
| ૬ | ૧ | પટેલ સ્મિત શામલભાઈ | ૯૩.૨૪ |
| | ૨ | રબારી સોનલ મોતીભાઈ | ૯૦.૪૮ |
| | ૩ | વાઘેલા હેલી સુરેશકુમાર | ૮૯.૪૩ |
| ૭ | ૧ | રાવળ પિયુષ ટી | ૯૨.૮૫ |
| | ૨ | પટેલ સોહમ અશોકભાઈ | ૯૧.૦૪ |
| | ૩ | પટેલ દક્ષ સંજયભાઈ | ૮૯.૮૦ |
| ૮ | ૧ | પટેલ હર્ષ નટવરલાલ | ૯૪.૬૦ |
| | ૨ | પટેલ મૉસમ પ્રકાશભાઈ | ૮૫.૪૦ |
| | ૩ | પટેલ નિખીલ અમીતકુમાર | ૮૪.૪૦ |
| ૯ | ૧ | પટેલ ઝંખના સુભાષભાઈ | ૯૧.૭૦ |
| | ૨ | પટેલ મૈત્રી પ્રવિણભાઈ | ૯૧.૬૦ |
| | ૩ | ચાવડા ઉજ્જવલ વિક્રમસિંહ | ૯૦.૧૭ |
| ૧૧ | ૧ | કોલડીયા નિકુંજ ચંદુભાઈ | ૮૫.૬૭ |
| | ૨ | ચૌધરી પ્રદીપ દશરથભાઈ | ૮૫.૫૬ |
| | ૩ | વાઘેલા જયેન્દ્રસિંહ રામુજી | ૮૫.૩૩ |

# એક પ્રચંડ હર્ષનાદથી ૭ હજાર શ્રોતાજનોએ સ્વામીજીને વધાવી લીધા

## સ્વામીજીની વાણીમાં ભારતની ૧૦ હજાર વર્ષની આધ્યાત્મિક શક્તિનો, આધ્યાત્મિક સંસ્કૃતિનો નિચોડ હતો, એ વાણીમાં સનાતન હિન્દુ ધર્મની વાત હતી, સર્વ ધર્મ પ્રત્યે આદર ભાવની વાત હતી



**યુગનાયક સ્વામી વિવેકાનંદ**
**- રજનીકાંત ભટ્ટ**

॥ પાંચમો મણકો ॥

કુ. કેથરીન સેનબોર્ને સ્વામીજીનો પરિચય હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રૉફેસર જ્હોન ઍચ રાઈટ સાથે કરાવી આપ્યો. સ્વામીજીના અગાધ જ્ઞાન-ભંડારથી પ્રૉ. રાઈટ ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે કહ્યું, 'સ્વામીજી, આપની પાસે ઓળખપત્ર માગવું એ તો સૂર્ય પાસે એના પ્રકાશવાના હક્ક વિશે પૂછવા જેવું છે. હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે હું તમને પ્રવેશ અપાવી દઈશ.'

ભલામણ ચિઠ્ઠીમાં પ્રૉ. રાઈટે લખ્યું, 'આપણા તમામ વિદ્વાન પ્રૉફેસરોના જ્ઞાનને ભેગાં કરીએ તો પણ જેમનું જ્ઞાન ચડી જાય તેવી આ વ્યક્તિ છે. એમનો વિશ્વ ધર્મ પરિષદમાં સ્થાન મળવું જ જોઈએ.' પ્રૉ. રાઈટે સ્વામીજીને શિકાગો સુધીની ટિકીટ પણ કઢાવી આપી.

હવે સ્વામીજી ફરીથી મુશ્કેલીમાં મૂકાઈ ગયા. વિશ્વ ધર્મ પરિષદના કાર્યાલયનું સરનામું ખોવાઈ ગયું. તેમણે એ રાત્રિ કડકડતી ઠંડીમાં રેલવે સ્ટેશન પર ગુજારી. ભિક્ષા માગવા ગયા તો ફૅશનેબલ લતાના કેટલાક અમેરિકનોએ સ્વામીજીનો અપમાનિત પણ કર્યા. ભૂખ તરસથી થાકીને સ્વામીજી ફૂટપાથ પર બેસીને બોલ્યા, 'હે જગદંબા ! તારી ઈચ્છા પ્રમાણે થાઓ.'

ફૂટપાથની સામેના ભવ્ય મહાલયનું બારણું ખૂલ્યું અને એક જાજરમાન સન્નારી એ બારણામાંથી બહાર આવી. એમનું નામ હતું શ્રીમતી જ્યોર્જ ડબલ્યુ હેઈલ. તેમની દૃષ્ટિ સ્વામીજી પર પડી. તેમણે સ્વામીજી પાસે આવીને પૂછ્યું, 'શું આપ વિશ્વ ધર્મ પરિષદના પ્રતિનિધિ છો ?' સ્વામીજી ભૂખ-તરસથી એટલા થાકી ગયા હતા કે તેમનામાં બોલવાનીય શક્તિ રહી ન હતી. તેમણે માથું ધૂણાવીને હા પાડી. શ્રીમતી હેઈલે કહ્યું, 'આપ અમારે ત્યાં રહો. આરામ કરો. સ્વસ્થ થાઓ, પછી હું જ આપને વિશ્વ ધર્મ પરિષદના કાર્યાલયમાં લઈ જઈશ.' શ્રીમતી હેઈલનો પરિવાર સ્વામીજીનો ભક્ત, અનુયાયી બની ગયો. સ્વામીજી જયાં સુધી અમેરિકામાં રહ્યા ત્યાં સુધી શ્રીમતી હેઈલનું નિવાસ તેમનું કાયમી સરનામું બની ગયું.

૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩નો ઐતિહાસિક દિવસ ઊગ્યો. સવારે ૧૦ વાગે શિકાગોની આર્ટ ઈન્સ્ટીટ્યુટના 'હૉલ ઑફ કોલંબસ'માં વિશ્વ ધર્મ પરિષદનો આરંભ થયો. સમગ્ર વિશ્વમાંથી વિવિધ ધર્મોના પ્રતિનિધિઓ આવેલ હતા. ૧૦૦ ફૂટ લાંબા અને ૧૫ ફૂટ પહોળા વિશાળ મંચ પર વિવિધ ધર્મોના પ્રતિનધિઓ બિરાજમાન હતા. આ બધાની વચ્ચે સ્વામી વિવેકાનંદનું દેદિપ્યમાન વ્યક્તિત્વ સૌનું ધ્યાન આકર્ષી રહ્યું હતું. આ વિશ્વ ધર્મ મહાસભામાં ખ્રિસ્તી ધર્મ ઉપરાંત અન્ય આઠ ધર્મો ભાગ લઈ રહ્યા હતા - હિન્દુ ધર્મ, જૈન ધર્મ, ઈસ્લામ ધર્મ, બૌદ્ધ ધર્મ, યહૂદી ધર્મ, કન્ફ્યુશિયસ ધર્મ, શિન્ટો ધર્મ અને પારસી ધર્મ. હૉલમાં ૭ હજાર સુશિક્ષિત નર-નારીઓ બેઠા હતા.

ચર્ચના ઘંટારવ સાથે સભાનું કામકાજ શરૂ થયું. વિશ્વ ધર્મ પરિષદનો પ્રારંભ થયો. એક પછી એક પ્રતિનિધિ ઊભા થયા અને પોતપોતાના ધર્મનો પરિચય આપવા લાગ્યા. સ્વામીજીએ પૂર્વે કયારેય આટલા વિશાળ અને વિશિષ્ટ જનસમૂહને સંબોધન કર્યું ન હતું. આટલી મોટી સભા જોઈને પહેલાં તો સ્વામીજી જરા ગભરાયા. બપોરના સત્ર સુધી તો બોલવા ઊભા જ ન થયા. આખરે સાંજના સત્રમાં આપણા સ્વામી વિવેકાનંદ બોલવા ઊભા થયા. મંચના અગ્ર ભાગ પાસે આવ્યા.

સ્વામીજીએ ભગવો ઝભ્ભો, માથે પીળો ફેંટો પહેર્યો હતો. મુખમંડલ જાણે પ્રકાશપૂંજથી ઝળહળી રહ્યું હતું. ચહેરામાંથી દિવ્ય આભા પ્રસરી રહી હતી. ભારતનો આ યુવા સંન્યાસી પોતાની આધ્યાત્મિક શક્તિથી વિશ્વને ભારતનો અમર શાશ્વત સનાતન સંદેશ આપવા ખડો હતો.

સ્વામીજીએ મનોમન વાક્દેવી સરસ્વતીને પ્રણામ કર્યા. પોતાના ગુરૂ શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રણામ કર્યા અને ઐતિહાસિક ભાષણ શરૂ કર્યું. તેમણે સંબોધન આમ શરૂ કર્યું, 'અમેરિકાવાસી ભાઈઓ અને બહેનો !' અને તરત જ એક પ્રચંડ હર્ષનાદથી ૭ હજાર શ્રોતાજનોએ સ્વામીજીને વધાવી લીધા. આ હર્ષનાદ બે મિનિટ સુધી ચાલ્યો. સ્વામીજીના આ આત્મીય સંબોધને અમેરિકન પ્રબુદ્ધ નેતાઓનાં દિલને જીતી લીધાં. શ્રોતાઓ વારંવાર તાળીઓ પાડવા લાગ્યા. સ્વામીજીના માનમાં શ્રોતાજનો ઊભા થઈ ગયા !

સ્વામીજીના આ વ્યાખ્યાનમાં એવું શું હતું કે તેઓ સર્વનાં હૃદયમાં છવાઈ ગયા ! આ કોઈ લખેલું કે તૈયાર કરેલું ભાષણ ન હતું. એ તો સ્વામીજીના આત્માના અગાધ ઊંડાણમાંથી ઉદ્ભવેલી દિવ્ય વાણી હતી. સ્વામીજીની વાણીમાં ભારતની ૧૦ હજાર વર્ષની આધ્યાત્મિક શક્તિનો, આધ્યાત્મિક સંસ્કૃતિનો નિચોડ હતો. એ વાણીમાં સનાતન હિન્દુ ધર્મની વાત હતી, સર્વ ધર્મ પ્રત્યે આદર ભાવની વાત હતી. એમાં હિન્દુ સંસ્કૃતિની મહાનતા પ્રગટતી હતી, તેમાં સ્વામીજીના તપની, પવિત્રતાની શક્તિ હતી.

સન્માનના પ્રત્યુત્તરરૂપ એ સંક્ષિપ્ત સંભાષણમાં સ્વામીજીએ કહ્યું, 'મને કહેતાં ગર્વ થાય છે કે હું જે ધર્મનો પ્રતિનિધિ છું તે ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વના પાઠ ભણાવ્યા છે. સર્વ ધર્મો સત્ય છે, એનો પણ અમે સ્વીકાર કરીએ છીએ. હું એક એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું, જેણે પૃથ્વીના તમામ ધર્મોના અને દેશોના જુલ્મનો ભોગ બનેલ નિરાશ્રિતોને આશ્રય આપ્યો છે.'

સ્વામીજીની નિખાલસ વાણી, એમનું વિરાટ વ્યક્તિત્વ, તેજસ્વી મુખારવિંદ, એટલા પ્રભાવક રહ્યાં કે બીજે દિવસે પ્રસિદ્ધ થયેલા અમેરિકી અખબારોએ લખ્યું કે સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ પરિષદની મહાનતમ વ્યક્તિ છે. સ્વામીજીએ હિન્દુ ધર્મ, સંસ્કૃતિનો જયજયકાર કર્યો, દિગ્વિજય કર્યો. એક હજાર વર્ષની ગુલામીના પરિણામે આત્મબોધ વિસ્મૃત ભારતનું મસ્તક ઉન્નત કર્યું. ભારત માતાનું ગૌરવગાન કર્યું. ભારત માતાના આ મહાન સપૂતે ભારતની સાચી ઓળખ વિશ્વને આપી. સ્વામીજી હવે વિશ્વ પ્રસિદ્ધ થઈ ગયા. શિકાગોના મહાનતમ લોકોમાંથી બધાએ સ્વામીજીને પોતાના ઘરે આમંત્રિત કર્યા. હવે સ્વામીજી વિશ્વના આધ્યાત્મિક નેતા બની ગયા. (અપૂર્ણ)